પત્રક્માંક:મઉમશબ/માધ્યમિક/767

ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,

માધ્યમિક વિભાગ, ગાંધીનગર.

તા:- 31/12/2019

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

તમામ.

વિષય:- માર્ચ-2020ની એસ.એસ.સી.ની શાળા કક્ષાના વિષયની પરીક્ષા બાબત.

મહાશય,

જયભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, માર્ચ-2020ના નિયમિત વિદ્યાર્થીઓની શાળા કક્ષાએ લેવાનાર વિષયોની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના શૈક્ષણિક કેલેન્ડર અનુસાર તારીખ ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૦ દરમ્યાન લેવાનું નક્કી થયેલ છે.

ઉકત બાબતે આપશ્રીઓનું ધ્યાન દોરવાનું કે આપશ્રીઓ આપના દ્વારા જિલ્લાની તમામ શાળાઓને ત્રણ દિવસમાંથી કોઇ એક દિવસે સૈદ્ધાંતિક પાસું ધરાવતું પ્રશ્નપત્ર અને કોઇ એક દિવસે પ્રાયોગિક પરીક્ષા ગોઠવાય તેવી સૂચના અપાઈ જાય તેવી વ્યવસ્થા કરશો અને તેની જાણ બોર્ડની માધ્યમિક શાખાને સત્વરે sscexamsec72@gmail.com પર કરશો.

પૃથક ઉમેદવારોએ કે પછી ખાનગી ઉમેદવારોએ શાળા કક્ષાના વિષયની પરીક્ષા આપવાની હોયતો શાળાએ તેમના પ્રશ્નપત્ર, જવાબવહી, પ્રાયોગિક કાર્યની જવાબવહી, શારીરિક શિક્ષણના પ્રાયોગિક ગુણાંકનપત્ર વિગેરે પરીક્ષા સંબંધિત દસ્તાવેજો ૧વર્ષ સુધી જાળવી રાખવાના રહેશે. બોર્ડ જ્યારે માંગે ત્યારે તે સુપ્રત કરવાના રહેશે જેની સૂચના આપના માધ્યમથી અપાઈ જાય તેવી વિનંતી. જો પૃથક અને ખાનગી ઉમેદવારોની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએ યોગ્ય રીતે ન લેવાઇ હોય તો શાળાની સામે નિયમાનુસાર કાર્યવાહી કરવાની બોર્ડને ફરજ પડશે તે બાબત પણ આચાર્યશ્રીઓના ધ્યાને મૂકશો.

પરીક્ષા સચિવ (માધ્યમિક)

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર

માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર.

જા.નં./મા-૨/પરીક્ષા/૬૬૦૨૦ તા. ૩૧/૧૨/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત શહેર/ગ્રામ્યની મા. શાળાઓ,

જાણ તથા અમલ થવા સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત. જિલ્લો. સુરત.

Scanned by CamScanner